
# ફિલ્મ/વીડિયો ડિઝાઈનર

ફિલ્મ/વીડિયો ડિઝાઈનર ફિલ્મ, ટેલિવિઝન/થિયેટર પ્રોડક્શનના વિઝ્યુઅલ બનાવે છે અને તેનું વ્યવસ્થાપન કરે છે. વાસ્તવિક/વિશ્વાસપાત્ર વાતાવરણ ઉભું કરવા માટે એક પ્રોફેશનલ ડિઝાઈનર ગ્રાફિક્સ, સેટ્સ, લાઇટિંગ વગેરે જેવી પાસાઓ માટે ડિઝાઇન શૈલી તૈયાર કરવા માટે નિર્દેશક અને નિર્માતા સાથે સંકલનમાં કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કલાત્મક વ્યવસાયોમાં રૂચી ધરાવો છે
- તમે સમૂહમાં કામ કરવા માટે સહજ છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે તમારી વસ્તુઓને વ્યવસ્થિત રાખવાનું પસંદ કરો છો



આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૩,૦૦૦ થી ૮,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃતિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફિલ્મ અને વીડિયો ડિઝાઈનમાં સ્નાતક (B.Design) ની ડિગ્રી પૂર્ણ કરી અને ત્યારબાદ, તે જ વિદ્યાશાખામાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી મેળવો.

**અથવા**

ફિલ્મ અને વીડિયો કોમ્યુનિકેશનમાં B.Design અથવા B.Sc.ની ડિગ્રી મેળવો અને સમાન વિદ્યાશાખામાં અનુસ્નાતક (M.Design/ M.Sc.)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ફિલ્મ/વીડિયો ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૨,૨૫૦ થી ૬૬,૬૬૭*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Film_/_Video_Editor/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મીડિયા અને પ્રોડક્શન હાઉસ, ફિલ્મ સેટ્સ, થિયેટર, વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે શૂટીંગના કલાકો પર આધાર રાખે છે. જો તમે કોઈ કંપનીમાં નોકરી કરતા હો, તો સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ લાગુ છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ટ્રેઈની → ફિલ્મ/વીડિયો ડિઝાઈનર → સિનિયર ફિલ્મ/વીડિયો ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફિલ્મ ડિઝાઈનર, વીડિયો ડિઝાઈનર, ફિલ્મ/વીડિયો એડિટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિઝાઈન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન અમદાવાદ
૨. થુંચથ એઝુથાચન મલયાલમ યુનિવર્સિટી, મલપ્પુરમ, કેરળ
૩. પોટ્ટી શ્રીરામુલુ તેલુગુ યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, પુણે
૫. રીસુ જયપુર
૬. થુંચાથ એઝુથાચન મલયાલમ યુનિવર્સિટી, મલપ્પુરમ, કેરળ
૭. પોટ્ટી શ્રીરામુલુ તેલુગુ યુનિવર્સિટી, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. વર્લ્ડ યુનિવર્સિટી ઓફ ડિઝાઈન, સોનીપત, પંજાબ
૨. એ.એ.એફ.ટી યુનિવર્સિટી ઓફ મીડિયા એન્ડ આર્ટસ, રાયપુર, છત્તીસગઢ
૩. સિંઘાનિયા યુનિવર્સિટી, ઝુંઝુનુ, રાજસ્થાન
૪. લાખોટિયા ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, હૈદરાબાદ
૫. રામોજી એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, હૈદરાબાદ
૬. એલ.વી. પ્રસાદ ફિલ્મ એન્ડ ટીવી એકેડમી, ચેન્નાઈ
૭. શ્રી શંકરા કોલેજ, કલાડી, કેરળ
૮. એક્સ-જેન કોલેજ ઓફ વિઝ્યુઅલ આર્ટ, બેરહામપુર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https:// onlinecourses.swayam2.ac.in/aic20_ed01/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સાબુ સિરિલ** એક ભારતીય ફિલ્મ નિર્માણ ડિઝાઈનર છે. તેમણે ૧૧૬ થી વધુ ફીચર ફિલ્મો અને ૨૫૦૦ એડ ફિલ્મોમાં કામ કર્યું છે, આ માટે તેમને અનેક રાષ્ટ્રીય પુરસ્કારો અને ફિલ્મફેર પુરસ્કારો પ્રદાન કરવામાં આવ્યા છે. તેમણે મદ્રાસ કોલેજ ઓફ આર્ટસમાંથી વિઝ્યુઅલ કોમ્યુનિકેશનમાં બી.એસસી.ની ડિગ્રી મેળવી છે. સાબુએ ફિલ્મ અને પ્રોડક્શન ડિઝાઈનમાં પ્રવેશતા પહેલા ગ્રાફિક ડિઝાઈનર અને ચિત્રકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.*

સ્રોત:https://www.indulgexpress.com/entertainment/cinema/2022/may/24/sabu-cyril-we-knew-that-rrr-wouldnt-be-as-big-as-the-baahubali-films-40990.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.